બિનઅનામત વર્ગની જાતિઓ નક્કી કરવા
બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭(પા.ફા.)/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૦૧/૨૦૧૯

<u>વંચાણે લીધો</u>:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૧૨/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ

## <u>પ્રસ્તાવના</u>

વંચાણે લીધા ક્રમાંક (૧) માં દર્શાવેલ વિભાગના તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવથી બિનઅનામત વર્ગની જાતિઓ નક્કી કરવામાં આવેલ છે, જેમાં બિનઅનામત વર્ગની જાતિઓની યાદી, <u>પરિશિષ્ટ-ચ</u> માં કુલ 69 જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વધુમાં, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગો સિવાયના વર્ગોનો સમાવેશ બિનઅનામત વર્ગોમાં થશે તેમ ઠરાવેલ છે. જો કોઈ જાતિનો ઉલ્લેખ <u>પરિશિષ્ટ-ચ</u> માં ન થયો હોય પરંતુ આવી જાતિ, જૂથ કે સમૂહનો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગોમાં સમાવિષ્ટ ન હોય તો તેવી જાતિનો બિનઅનામત વર્ગમાં સમાવેશ કરવા તાત્કાલિક કાર્યવાહી કરવાની રહેશે, તેમ પણ ઠરાવેલ છે.

બિનઅનામત વર્ગની જાતિઓની યાદી, <u>પરિશિષ્ટ-ચ</u> માં સમાવેશ થયેલ ન હોય એવી જાતિઓની સંસ્થાઓ/આગેવાનો/સમૂહો દ્વારા તેઓની જાતિ/સમૂહનો બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં સમાવેશ કરવા રજૂઆત કરવામાં આવેલ હતી. જે અન્વયે તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ બિનઅનામત વર્ગની જાતિઓની યાદી, <u>પરિશિષ્ટ-ચ</u> માં સમાવેશ થયેલ ન હોય એવી બિનઅનામત વર્ગની જાતિઓનો <u>પરિશિષ્ટ-ચ</u> માં સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## <u>ઠરાવ</u>

1. પુખ્ત વિચારણાના અંતે, વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ તા.૦૬/૧૨/૨૦૧૮ ના ઠરાવના પરિશિષ્ટ-ચ માં દર્શાવેલ બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં નીચે મુજબની જાતિઓનો/પર્યાયવાચી શબ્દોનો સમાવેશ કરવામાં આવે છે.

   (1) પરિશિષ્ટ-ચ માં A-બિનઅનામત હિન્દુ જાતિઓમાં નીચે મુજબના પર્યાયવાચી શબ્દો/નવી જાતિઓ ઉમેરવામાં આવે છે.

   13-A. રાજપૂત ગરાસિયા, ગરાસિયા, હિન્દુ દરબાર (જે SEBC/OBC માં ન હોય તે)

42-A. ભાનુશાળી, ભાનુશાલી, કચ્છી ભાનુશાલી, સિંધી ભાનુશાલી, હાલારી ભાનુશાળી

42-B. કંસારા

42-C. મોઢ પટેલ (જે SEBC/OBC માં ન હોય તે)

42-D. ખમાર

42-E. કંદોઇ, સુખડીયા (જે SEBC/OBC માં ન હોય તે)

(2) પરિશિષ્ટ-ચ માં B-બિનઅનામત મુસ્લિમ જાતિઓમાં નીચે મુજબના પર્યાયવાચી શબ્દો/નવી જાતિઓ ઉમેરવામાં આવે છે.

55-A. મલેક (જે SEBC/OBC માં ન હોય તે)

66-A. રંગરેજ, લીલગર (મુસ્લિમ)

66-B. નાગોરી લુહાર (મુસ્લિમ)

2. તા.૦૬/૧૨/૨૦૧૮ ના ઠરાવના પરિશિષ્ટ-ચ માં અને આ સુધારા ઠરાવથી ગુજરાતની તમામ બિનઅનામત જાતિઓનો સમાવેશ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે છતાં પણ બનવાજોગ છે કે કોઇ બિનઅનામત જાતિનો પરિશિષ્ટ-ચ માં સમાવેશ કરવાનો રહી ગયો હોય તે સંજોગોમાં આવી બાકી રહી ગયેલ જાતિઓને બિનઅનામત વર્ગના લાભો મેળવવામાં મુશ્કેલી ન પડે તે માટે જો આવી રહી ગયેલી જાતિઓનો સમાવેશ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગોમાં થયેલ ન હોય તો આવી જાતિના ઉમેદવારો/અરજદારોને બિનઅનામત વર્ગમાં ગણી સક્ષમ સત્તાધિકારીઓ (Competent authorities) દ્વારા ચોકસાઇ કરીને બિનઅનામત વર્ગ/જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

3. તા.૦૬/૧૨/૨૦૧૮ ના ઠરાવના પરિશિષ્ટ-ખ માં અનુસૂચિત જન જાતિઓની યાદી સંબંધિત સૌની જાણકારી અને તૈયાર સંદર્ભ (Ready Reference) માટે આપવામાં આવેલ છે. આ યાદીના અ.નં. ૨ સામે "બાવચા, બામ્ચા" જાતિ દર્શાવવામાં આવેલ છે, જેને "બાવચા, બામચા" વાંચવાનું રહેશે.

4. બિનઅનામત વર્ગના પ્રમાણપત્રો આપવા માટે વંચાણે લીધા ક્રમાંક (૧)માં દર્શાવેલ તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવની અન્ય સુચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

નં .વિજાક/જન/જાપ્રપ/૨૦૧૮-૧૯/ ૪૫
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં .૪ /૩, ડૉ .જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં .૨૩૨૫૩૨૪૫ થી ૫૩,ફેક્સ નં ૨૩૨૫૩૨૪૬
E.MAIL: dire-dcw@gujarat.gov.in
તા. ૯/ ૧ /૨૦૧૯

નકલ રવાના જાણ સારૂ:-

૧. જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા) જિ........તમામ........

૨. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) જિ.....તમામ......

(કે.આર.ઝાલા)
સંયુક્ત નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર